GJSK030006322016

દાખલ તારીખ : ૧૭–૦૫–૨૦૧૬
રજીસ્ટર તારીખ : ૧૭–૦૫–૨૦૧૬
ફેંસલ તારીખ : ૨૩–૦૬–૨૦૨૬
અવધિ: ૧૦–વર્ષ ૧–માસ ૬–દિવસ

**મે. એડી. ચીફ જ્યુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.પ્રાંતિજ.**

<u>ફોજદારી કેસ નં.૪૫૦/૨૦૧૬</u>

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : સંજયસિંહ દશરથસિંહ ચૌહાણ
રહે. મોટા પોચડા, આશાપુરાવાસ,
તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા.

ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૨, ૩૫૪એ, ૩૨૩, ૫૦૪ મુજબ.

-----------------------------------

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એ. પટેલ
આરોપીઓ તરફે વિ.વ.શ્રી એમ.એ.કારકુન

-----------------------------------

**<u>–: ઠરાવ :–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તોહમતદારએ આ કામના ફરીયાદીના પતિ સાહેદ નં.૨ ના મોટા પોચડા ગામે પરા વિસ્તારમાં રામદેવપીરનું આખ્યાન ચાલતુ હોય તે જોવા માટે ગયેલ

હતા જયારે ફરીયાદીના સાસુ સસરા સાહેદ નં.૩,૪ ના ગામમાં સાહેદ નં.૧૧ ને ઘરે ભજનમાં ગયેલ હતાં અને ફરીયાદી તથા ફરીયાદીની દીકરી દીવ્યા ઉ.વ. અઢી વર્ષની ઘરે એકલા રૂમમાં સુતા હતા ત્યારે આ ફરીયાદીની એકલતાનો લાભ લઈ તોહમતદારએ ફરીયાદીના મકાને બહારની લોખંડની જારીનો દરવાજો ખોલી તેમજ ઘરનો લાકડાનો મુખ્ય દરવાજો અર્ધ ખુલ્લો હોય ત્યાંથી ઘરમાં ગે.કા. પ્રવેશ કરી ફરીયાદીને એકદમ પકડી લઈ દુષ્કર્મ કરવા સારૂ ખેંચતાણ કરી ફરીયાદીનું પહેરેલ બ્લાઉઝ તથા સાડી ફાડી નાખી ફરીયાદી તોહમતદારના વશમાં ન થતાં બુમાબુમ કરતા મોઢામાં બે–ત્રણ થપ્પડ મારી ગાળો આપી મોઢું દબાવી છેડતી કરી સાહેદ નં.૬ ના આવી જતાં ત્હોમતદાર ઘરની પાછળ થઈ ભાગી જઈ કલમ–૪૫૨,૩૫૪એ,૩૨૩,૫૦૪ મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા તહોમતદાર વિરુઘ્ધ ફરીયાદી એ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુઘ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થઈ જતાં આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓ ને બી.એન.એસ.એસ ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યા બાદ આરોપીની સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવેલ છે. સદર તહોમતનામામાં આરોપી એ આંક–૫ ના નિવેદનમાં આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરેલો છે. ત્યાર બાદ સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**:: મૌખિક પુરાવો ::**

(૧) આંક–૪૩ ફરીયાદી પન્નાબેન કલ્પેશસિંહ તખતસિંહ ચૌહાણની જુબાની

(૨) આંક–૫૭ સાહેદ કલ્પેશસિંહ લાલસિંહ ચૌહાણની જુબાની

(૩) આંક–૬૯ સાહેદ ગંગાબેન તખતસિંહ ચૌહાણની જુબાની

(૪) આંક–૮૩ સાહેદ રણછોડસિંહ બહેચરસિંહ ચૌહાણની જુબાની

(૫) આંક–૮૭ સાહેદ ડો.જગદીશચંદ્ર કમલેશકુમાર પ્રણામીની જુબાની

(૬) આંક–૯૦ પંચસાહેદ અભેસંગ ઉમેદસંગની જુબાની

(૭) આંક–૯૩ પંચસાહેદ હિંમતસિંહ બાદરસિંહ ચૌહાણની જુબાની

(૮) આંક–૯૫ પંચસાહેદ અરવિંદસિંહ લક્ષ્મણસિંહ ચૌહાણની જુબાની

(૯) આંક–૯૬ પંચસાહેદ રજુસિંહ ગાભુસિંહ ચૌહાણની જુબાની

(૧૦) આંક–૯૯ સાહેદ આઈ.ઓ પુષ્પેન્દ્રસિંહ વિજેન્દ્રસિંહ ચાવડાની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક–૪૪ ફરીયાદ

(૨) આંક–૮૮ મેડીકલ સર્ટીફીકેટ

(૩) આંક–૯૧ ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૪) આંક–૯૪ મુદામાલ કબજે કર્યાનું પંચનામું

(૪) ત્યાર બાદ ફરિયાદી પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું બી.એન.એસ.એસ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં અમો આરોપી તદન નિર્દોષ છીએ ખોટી રીતે ફસાવવામાં આવેલ છે.

જમીનની તકરારને દિવાની કેસને ફોજદારી રંગ આપી પોલીસ સાથે ડોકટર સાથે ગે.કા.મેળાપીપણુ કરેલ છે અને પોલીસે પણ ફરીયાદી સાથે ભળી જઈ ગે.કા.નું મેળાપીપણું કરેલ છે અમો ફરીયાદી સાહેદો તથા પોલીસની ખોટી કાર્યવાહીનો ભોગ બન્યા હોય અમો ઉપર દયા ગુજારી નિર્દોષ ઠરાવવા નમ્ર અરજ છે. ત્યાર બાદ બંને પક્ષકારોની મૌખીક દલીલો ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તોહમતદારએ આ કામના ફરીયાદીના પતિ સાહેદ નં.૨ ના મોટા પોયડા ગામે પરા વિસ્તારમાં રામદેવપીરનું આખ્યાન ચાલતુ હોય તે જોવા માટે ગયેલ હતા જયારે ફરીયાદીના સાસુ સસરા સાહેદ નં.૩,૪ ના ગામમાં સાહેદ નં.૧૧ ને ઘરે ભજનમાં ગયેલ હતાં અને ફરીયાદી તથા ફરીયાદીની દીકરી દીવ્યા ઉ.વ. અઢી વર્ષની ઘરે એકલા રૂમમાં સુતા હતા ત્યારે આ ફરીયાદીની એકલતાનો લાભ લઈ તોહમતદારએ ફરીયાદીના મકાને બહારની લોખંડની જારીનો દરવાજો ખોલી તેમજ ઘરનો લાકડાનો મુખ્ય દરવાજો અર્ઘ ખુલ્લો હોય ત્યાંથી ઘરમાં ગે.કા. પ્રવેશ કરી ફરીયાદીને એકદમ પકડી લઈ દુષ્કર્મ કરવા સારૂ ખેંચતાણ કરી ફરીયાદીનું પહેરેલ બ્લાઉઝ તથા સાડી ફાડી નાખી ફરીયાદી ત્હોમતદારના વશમાં ન થતાં બુમાબુમ કરતા મોઢામાં બે–ત્રણ થપ્પડ મારી ગાળો આપી મોઢું દબાવી છેડતી કરી સાહેદ નં.૬ ના આવી જતાં તહોમતદાર ઘરની પાછળ થઈ ભાગી જઈ ભારતીય દંડ સંહીતાની કલમ

–૪૫૨, ૩૫૪એ, ૩૨૩, ૫૦૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમત માં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદૃા અંગના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) અંશત:હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદૃાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

**મુદૃા નંબર–૧ :–**

(૮) ફરીયાદપક્ષ તરફે આંક–૪૩ થી ફરીયાદી પન્નાબેન કલ્પેશસિંહ તખતસિંહ ચૌહાણને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, મારુ પિયર નાના જલુન્દ્રા,તા.દહેગામ મુકામે થાય છે. મારા લગ્ન પોયડા ગામના કલ્પેશસિંહ સાથે આજથી આશરે ત્રણ ચાર વર્ષ અગાઉ થયેલા. મારે સંતાનમાં એક દિકરી છે. જે હાલ પાંચ વર્ષની છે. મે ધોરણ–૯ સુધી અભ્યાસ કરેલ છે. હું ધોરણ–૧૦માં નપાસ થયેલ છુ. હું મારી સાસરીમાં મારા સાસુ–સસરા તેમજ પતિ તેમજ મારી દિકરી સાથે રહુ છુ. આ કામનો બનાવ તા.૨૫–૦૩–૨૦૧૬ ના રોજ બનેલો. બનાવના દિવસે હું તથા મારી દિકરી દિવ્યા અમારા ઘરે હતા. મારા સાસુ–સસરા અમારા ગામમાં અભેસિંહના ઘરે ભજનમાં ગયેલ હતા. મારા પતિ અમારા ગામમાં રામદેવ પીર નું આખ્યાન ચાલુ હતુ તે જોવા થયેલ હતા. **હું તથા મારી દિકરી દિવ્યા બન્ને અમારા ઘરમાં સુતા હતા તે વખતે રાત્રીના આશરે દસ સવા દસ વાગ્યાના સુમારે અમારા ઘરની પાછળના ભાગે દરવાજા ન હોઈ તે ભાગ**

**ખુલ્લો હતો તેમાંથી સંજયસિંહ દશરથસિંહ ચૌહાણ મારા ઘરમાં આવેલો. આ સંજય સિહે મને પકડી લીધેલી. આ સંજય સિંહે મને ખભાથી પકડી લીધેલી. આ સંજયસિંહ મારી સાથે જબરદસ્તી કરવા લાગેલા અને તેણે મારો બ્લાઉઝ ખેંચેલો. જેથી મે બુમાબુમ કરેલી.** આ વખતે મારા કાકાજી રણછોડસિંહ બેચરસિંહ ત્યાં આવી ગયેલા. જેથી આ સંજયસિંહ ત્યાંથી ભાગી ગયેલો. ત્યાર બાદ મારા કાકાજીએ મારા સાસુ –સસરાને તથા મારા પતિને બોલાવેલા અને આ સંજયસિંહને પણ ત્યાં બોલાવેલા અને તેમને મારા સાસુ–સસરા અને બધાએ તેવું કહેલ કે, આવી હરકત શું કરવા કરે છે. જેથી આ સંજયસિંહે કહેલ કે, મે કાંઈ કરેલ નથી. આ વખતે સંજયસિંહના કાકા અરવિંદસિંહ ત્યાં આવેલા અને તેઓ અમને ગાળો બોલવા લાગેલા. ત્યાર બાદ ૨૫ તારીખની રાત્રે જ અમે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. મને આજરોજ તા.૨૬–૦૩–૨૦૧૬ ના રોજની બનાવ અંગેની અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે, સદર ફરીયાદ મે પોલીસમાં આપેલ તે જ છે અને તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. સદર ફરીયાદને પુરાવામાં રજુ દાખલ આંક–૪૪ આપવામાં આવે છે. આરોપી સંજયસિંહ આજરોજ કોર્ટમાં હાજર છે. આરોપી એ મને ૨૫ તારીખે સવારના પાંચ વાગ્યે અમારે ભેંસોનો તબેલો છે ત્યાં પકડેલી જેથી તે વખતે મે તેને ગાળો આપેલી અને તેની ફેટ પકડેલી. જેથી તે નાસી ગયેલો અને તે જ દિવસે રાત્રે ફરી આવેલો. આ સિવાય મારે બીજુ કાંઈ કહેવુ નથી.

સદર ફરીયાદી તેમની જુબાનીમાં રજુ થયેલ ફરીયાદની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિધ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે,

મે મારી પોલીસ રૂબરૂની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ કે,'' હું તથા મારી દિકરી દિવ્યા ઘરમાં સુઈ ગયેલ હતા અને અમારા ઘરની આગળ આવેલ જાળીનો આગળો બંધ કરેલ હતો અને ઘરનું બારણુ બંધ કરેલ હતુ પણ તેનો આગળો ખુલ્લો હતો આ દરમ્યાન રાતના દસેક વાગ્યાના સુમારે અમારા ગામનો સંજયસિંહ દશરથસિંહ ચૌહાણનો મારા ઘરમાં આવી ગયેલ અને એકદમ મને ખભા ઉપરથી પકડી પાડી મારી સાથે દુષ્કર્મ કરવા સારૂ જબરદસ્તી કરવા લગેલો જેમાં મારો બ્લાઉઝ તથા સાડી ખેંચતાળ કરતાં ફાટી ગયેલા અને હું તેને વશ ન થતાં તેણે મને ગાળો બોલી મારા મોઢાના ભાગે બે ત્રણ થપ્પડ મારી દીધેલ જેથી મે બુમાબુમ કરતાં આ સંજયસિંહે મારુ મોઢુ દાબી દીધેલ.'' મે મારી પોલીસ રૂબરૂની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ કે, ''આ પછી રાતનો સમય હોઈ આજરોજ મારા પતિ સાથે હું અત્ર ે ફરીયાદ કરવા આવેલ છુ.'' ફરીયાદ આપ્યા બાદ મે સાથે જે જગ્યાએ બનાવ બનેલો તે જગ્યા પોલીસને બતાવેલી.મે મારો ફાટેલો બ્લાઉઝ તથા સાડી પોલીસને આપેલી. મે પ્રાંતિજ સીવીલમાં સારવાર લીધેલી.

આ કામે ફરીયાદી પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ૨૫મી તારીખના રાત્રીના બાર વાગ્યે અમો ફરીયાદ આપવા ગયેલ હતા. સદર ફરીયાદ આપવા હું, મારા પતિ,મારા સસરા તથા અમારા ગામના અમારા સબંધી કનુસિંહ ગયા હતા. અમે પોલીસ સ્ટેશનમાં અડધો કલાક જેટલો સમય રોકાયેલા હતા. પોલીસ સ્ટેશનેથી અમો પરત અમારા ઘરે પોચડા ગયા હતા. આ ફરીયાદ મારા પતિ કલ્પેશસિંહે લખાવેલી. મારા પતિએ ફરીયાદ લખાવી ત્યારે હું તથા મારા સસરા તથા અમારા સબંધી કનુસિંહ પોલીસ સ્ટેશનની બહાર બેઠા હતા.સવાલ: સદર ફરીયાદ તમારા પતિએ લખાવી દીધા બાદ તમને બોલાવી સહી કરવાનું કહેતા તમે સહી કરી આપેલી ? જવાબ: મેં

જાતે જ લખાવેલી. તેવું જણાવેલ અને વધુમાં જણાવે છે કે, હું, મારા સસરા અને અમારા સબંધી કનુસિંહ પોલીસ સ્ટેશનની બહાર બેઠા હતા તે સમયે મારે પોલીસ સાથે કોઈ સંપર્ક થયેલ નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ૨૬મી તારીખે પાછા પોલીસ સ્ટેશને ગયા હતા. ૨૬મી તારીખે હું અને મારા પતિ પોલીસ સ્ટેશને ગયા હતા. ૨૬મી તારીખે અમોએ ૨૫મી તારીખની રાતે જે ફરીયાદ આપેલી તે બાબતે પોલીસે ફરીથી પુછેલુ.આ સમયે પોલીસ સાથે બીજુ કોઈ હતુ નહી. પોલીસ આ વસ્તુઓ લઈને અમારે ત્યાંથી નિકળી ગયેલ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેઓએ અમારા ઘરમાં તપાસ કરેલી. આ વસ્તુઓ લેવા માટે પોલીસ ફરીયાદ આપ્યાના બે ત્રણ દિવસ બાદ આવેલી. ત્યાર બાદ મારે પોલીસને મળવાનું થયેલ નથી. મે ૨૫મી તારીખની રાત્રે જે ફરીયાદ આપી તે સિવાય બીજી કોઈ ફરીયાદ મે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કે, અન્ય કોઈ પોલીસ સ્ટેશનમાં આપેલ નથી. પોચડા ગામ અને મોટા પોયડા ગામ બે અલગ અલગ ગામ છે અને આશરે બે કિલોમીટરના અંતરે આવેલ છે. મારા ગામ પોચડાથી પ્રાંતિજ પોલીસ સ્ટેશન મોટર સાયકલ પર આવવુ હોય તો આશરે પોણો કલાક કે, કલાક જેટલો સમય થાય અને બસમાં આવવુ હોય તો દોઢ થી બે કલાક જેટલો સમય થાય. સાહેદ તખતસિંહ બેચરસિંહ ચૌહાણ મારા સસરા, સાહેદ ગંગાબેન તખતસિંહ ચૌહાણ સાસુ, જગદીશસિંહ તખતસિંહ ચૌહાણ જેઠ, રણછોડસિંહ બેચરસિંહ ચૌહાણ કાકાજી, રાહુલસિંહ રણછોડસિંહ ચૌહાણ દિયર, રંજનબેન રાહુલ સિંહ ચૌહાણ દેરાણી તથા જશવંતસિહ બેચરસિહ ચૌહાણ મારા કાકાજી થાય છે. આરોપીના પત્નિ તુલસીબેન જલુન્દ્રા ગામના રહીશ છે. રાકેશસિંહની પત્નિ કાન્તાબેન છે. મે ફરીયાદ આપી તેના આશરે એક વર્ષ પહેલા આ કાન્તા બેન દવા પી ગયા હતા. આ રાકેશસિંહે કહેવાતા બનાવના ત્રણ ચાર વર્ષ

પહેલા મારા પતિ પાસેથી પૈસા લીધા હતા. પોયડા ગામે અમારુ જયા મકાન આવેલ છે તે મકાનની આજુબાજુ બીજા મકાનો આવેલા છે જેમાં લોકો તેમના પરિવાર સાથે રહે છે. અમારા મકાનની પાછળ રાવળના મકાન આવેલા છે. અમારા ઘર નજીક પોયડા ગ્રામ પંચાયત આવેલી છે. અમારા ઘરની નજીક સ્કુલો આવેલી છે. ત્યાર બાદ તેમને ફરીથી સવાલ પૂછવામાં આવેલ કે કહેવાતા બનાવના દિવસે તમારા જણાવ્યા મુજબ વ્યાખ્યાન હતુ તેથી પણ આ રસ્તા ઉપર લોકોની અવર જવર હતી.? જવાબ: આ વ્યાખ્યાન રાત્રીના પતે ત્યાર બાદ લોકો આવજાવ કરે. વ્યાખ્યાનમાં જવા માટે લોકો આ રસ્તા પરથી જાય. ત્યાર બાદ ફરીથી કરવામાં આવેલ સવાલ: કહેવાતા બનાવ સમયે તમે તમારા ઘરમાં તમારી દિકરી સાથે એકલા હોઈ ઘર બંધ હતુ ? જવાબ: ઘરની બહાર આગળ આવેલ જાળી જ બંધ હતી. ઘરની બહાર આવેલ જાળી હું ખોલુ ત્યાર બાદ કોઈ અંદર આવે. રાત્રીના સમયે સુવાના ટાઈમે અમારુ ઘર તથા જાળી બંધ કરીએ છીએ. અમારુ ઘર અંદરથી બંધ કર્યા બાદ ઘરની અંદર હાજર વ્યકિતની મરજીથી જ બહારથી કોઈ વ્યકિત અંદર આવી શકે. મારા પતિનું ગેરેજ છે, જે ઈશ્વરપુરા,તા.માણસા મુકામે આવેલ છે. મારા પતિ પોયડાથી ઈશ્વરપુરા અપ–ડાઉન કરે છે. ત્યાર બાદ ફરીથી સવાલ કરવામાં આવેલ : તમારા પતિના ગેરેજમાં કામના કારણે મોડુ પણ થાય અને કામ વધારે હોય તો રોકાઈ પણ જાય ? જવાબ: મારા પતિ રાત્રીના નવ વાગ્યા સુધીમાં આવી જ જાય છે, તેઓ ત્યાં કયારેય રોકાતા નથી. હું કહેવાતા બનાવના સમયે ઘરમાં એકલી સુઈ ગઈ હતી અને તે સમયે અંધારુ હતુ. ર૬મી તારીખે પોલીસ સ્ટેશને અમારી પુછપરછ માટે ગયા બાદ અમો સીધા અમારા ગામ પોયડા મુકામે જતા રહેલ, બીજે કશેક ગયા ન હતા. મારી પુછપરછ માં સહી કરાવેલી, પરંતુ કેટલા કાગળોમાં સહી કરાવેલી તે મને યાદ નથી.

૨૬મી તારીખે પુછપરછ બાદ જે લખાણ કોમ્પ્યુટર પર તૈયાર થયેલુ તે મે વાંચેલુ નહી. હું કોમ્પ્યુટર ભણેલ નથી.

(૯) ફરીયાદપક્ષ તરફે આંક–૫૭ થી સાહેદ કલ્પેશસિંહ લાલસિંહ ચૌહાણ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૫/૦૩/૨૦૧૬ના રોજ બનેલ બનાવ બાબતે હુ કઇ જાણતો નથી બનાવ કઇ બાબતનો બનેલો તેની મને ખબર નથી પોલીસે મારૂ નિવેદન લીધેલુ નહી આરોપી મારા ગામના હોઇ હુ તેમને ઓળખુ ચુ તેમનું નામ સંજયસિંહ છે.

આ કામે સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોયડા ગામ અને મોટા પોયડા ગામ બંને અલગ ગામો છે અને બંને ગામ વચ્ચે આશરે બે થી ત્રણ કીલોમીટરનું અંતર છે. કલ્પેશસિંહ તખતસિંહ ચૌહાણ સાથે મારે અંગત મિત્રતાના સંબંધે નથી પરંતુ તે ગામના છે તેથી ઓળખુ છું. તા.૨૫/૦૩/૨૦૧૬ ના રોજના ગામમાં રામેદવ પીરનું આખ્યાન કે અન્ય કોઇ ધાર્મિક કાર્યક્રમ હોઇ તેવુ બનેલ નહી. આરોપીને સંજયસિંહ નામની રીતે જાણુ છુ તેનું આખુ નામ જાણતો નથી.

(૧૦) ફરીયાદપક્ષ તરફે આંક–૬૯ થી સાહેદ ગંગાબેન તખતસિંહ ચૌહાણ ની જુબાની ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સાત વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે અમારા ગામમા પરબતસિંહ ઉમેદસિંહના ત્યાં તેમના બા બાલુબેન મરણ ગયેલ હોઈ તેમના ઘરે ભજન રાખેલ હોઈ હું તથા મારા પતિ રાત્રે તેમના ઘરે ગયેલા. **આ બનાવ દસ વાગ્યા પછી બનેલો. બનાવ સમયે મારા દિકરાની વહુ પન્નાબેન એકલા હતા અને ઘરના સભ્યો રામાપીરનું**

**આખ્યાન ચાલતુ હોઈ ત્યા ગયા હતા અને તે સમયે અમારા ઘરના પાછલા બારણેથી સંજયસિંહ દશરથસિંહ આવેલા અને મારા દિકરાની વહુ ઘરે એકલી હતી ત્યારે તેનો બ્લાઉઝ અને સાડી ફાડી નાખેલ અને તે દરમ્યાન અમારા દિયર રણછોડજી આવી ગયેલા અને મારા દિકરાની વહુને મોઢાના ભાગે સંજય સિંહે થપ્પડો મારેલ અને મારા દિયર આવતા તેઓ ભાગી ગયેલા. આ બનાવ ની ફરીયાદ મારા દિકરાની વહુ તથા દિકરાએ આપેલી. પોલીસે મારુ નિવેદન લીધેલુ. આરોપીને હું ઓળખું છું. આજરોજ કોર્ટમા હાજર છે તે જ છે.**

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કલ્પેશસિંહ તખતસિંહ ચૌહાણ મારો પુત્ર થાય છે. આ કામના ફરીયાદી પન્નાબેન મારા પુત્રવધુ થાય છે. આજરોજ મને કોર્ટમા મારો પુત્ર કલ્પેશસિંહ તખતસિંહ ચૌહાણ લઈને આવેલ છે. સરતપાસમા ંજણાવેલ હકીકતો મારા પુત્ર કલ્પેશસિંહે કોર્ટમા જણાવવા કહેલુ તેથી તે મુજબની હકીકત મારી સરતપાસમાં જણાવેલ છે. મારે બે દિકરા છે જેમા મોટો પુત્ર જગદીશસિંહ છે. મારો પુત્ર જગદીશસિંહ તેના પરીવાર સાથે મારા એક જ મકાનમા પાછળના ભાગે રહે છે. પોયડા ગામમા મારા મકાનની આસપાસ અમારા સમાજના તથા અન્ય સમાજના લોકોના રહેણાકના મકાનો આવેલા છે જેમા તેઓ તેમના પરીવાર સાથે રહે છે. હુ, મારા પતિ કહેવાતા બનાવની રાત્રીએ આઠ થી સાડા આઠેક વાગ્યાના સમુારે ભજનમા જવા નીકળેલા. કહેવાતા બનાવના સમયે હુ અને મારા પતિ ભજનમા હોઈ ઘરે હાજર ન હતા. હુ અને મારા પતિ ભજનમા ગયેલા હોઈ કહેવાતો બનાવ કેવી રીતે બનેલો તે મે નજરોનજર જોયેલ નથી કે તેની કોઈ જાતમાહિતી મને તથા મારા પતિને નથી. હુ અને મારા પતિ ભજનના કાર્યક્રમમાંથી અમારા ઘરે રાત્રીના અગિયારેક વાગ્યા

ના સુમારે પહોંચેલા. હું અને મારા પતિ ભજનના કાર્યક્રમમાથી અમારા ઘરે અગિયારેક વાગ્યાના સુમારે પહોચ્યા ત્યારે મારા કુટુંબના સભ્ય અને પુત્રવધુ સિવાય બીજુ કોઈ ત્યા હાજર ન હતુ. કહેવાતો બનાવ કઈ તારીખે બનેલો તેની મને ખબર નથી. પોલીસે કહેવાતા બનાવનું નિવેદન કઈ તારીખે લીધેલું તેની મને ખબર નથી. પોલીસે મારુ નિવેદન બીજા દિવસે રાત્રે આઠ વાગ્યાના સુમારે મારા ઘરે લીધેલુ. કહેવાતા બનાવની ફરીયાદ મારા પુત્ર કલ્પેશસિંહ તખતસિંહ ચૌહાણે તે જ દિવસે રાત્રે પ્રાંતિજ પો.સ્ટે.મા આપેલી. મારા પુત્ર કલ્પેશસિંહે તે જ દિવસે રાત્રે પ્રાંતિજ પો.સ્ટે.મા કહેવાતા બનાવની જે ફરીયાદ આપેલી તે સિવાય બીજી કોઈ પણ વ્યકિતએ પ્રાંતિજ પો.સ્ટે.મા કે બીજી કોઈ પણ અન્ય જગ્યાએ કહેવાતા બનાવની ફરીયાદ આપેલી નહી. મારા પુત્ર કલ્પેશસિહે કહેવાતા બનાવની ફરીયાદ તે જ રાત્રી એ પ્રાંતિજ પો.સ્ટે.મા આપ્યા પછી મને, મારા પુત્ર કલ્પેશસિહને કે પુત્રવધુ પન્નાબેનને બીજા કોઈ પણ દિવસે પ્રાંતિજ પો.સ્ટે.મા જવાનુ કહેલ નથી. પોચડા ગામ અને મોટા પોચડા ગામ બંને અલગ અલગ ગામ છે. મે મારા પોલીસ રૂબરુના નિવેદનમા મારા પુત્રવધુ પન્નાબેને કેવો અને કયા કલર નો બ્લાઉઝ તથા કેવી, કયા કલરની અને કેવી ડીઝાઈનની સાડી પહેરેલ હતી તે હકીકત મે મારા પોલીસ રૂબરુના નિવેદનમાં જણાવેલ નથી. કહેવાતા બનાવની જાણ મને તથા મારા પતિને મારા પુત્ર કલ્પેશસિંહ સિવાય અન્ય કોઈ પણ વ્યકિતએ કરેલ નથી. પોલીસે કહેવાતુ મારુ તથા મારા પતિનુ નિવેદન બીજા દિવસે રાત્રે આઠ વાગે લીધેલુ તે દિવસ સિવાય મને તથા મારા પતિને બીજા કોઈ પણ દિવસે પોલીસને મળવાનુ થયેલ નથી. આરોપીના પત્ની તુલસીબેન તથા મારા પુત્રવધુ પન્નાબેન બંને એક જ ગામ જલુન્દ્રાના રહેવાસી છે. એ વાતની મને ખબર નથી કે તુલસીબેન અને પન્નાબેનના પિતા

વચ્ચે મિલ્કત અંગે તકરાર ચાલે છે. મારા ઘરના આગળ ગામની શાળા આવેલ છે. મારા ઘર આગળ જાહેર રસ્તો આવેલ છે. આ શાળાના કારણે તથા જાહેર રસ્તાના કારણે આ જગ્યા પર લોકોની વિષેશ પ્રમાણમા અવર જવર રહે છે.

(૧૧) ફરીયાદપક્ષ તરફે આંક–૮૩ થી સાહેદ રણછોડસિંહ બહેચરસિંહ ચૌહાણ ની જુબાનીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે**, બનાવ તા.૨૫/૦૩/૨૦૧૬ ના રોજ બનેલો. બનાવ સમયે હુ મારા ઘરે હતો બનાવ રાત્રે ૧૦/૦૦ વાગે બનેલો બનાવ કલ્પેશસિંહ તખતસિંહના ઘરે બનેલો બનાવમાં કલ્પેશસિંહના પત્નિ પન્નાબેન સાથે બળજબરી થયેલી આ બળજબરી સંજયસિંહ દશરથસિંહ ચૌહાણે કરેલી આ બળજબરીમાં પન્નાબેનનું મોઢુ દબાવેલુ અને બ્લાઉઝ ફાડી નાંખેલો** અને પન્નાબેનને થપ્પડ મારેલી હુ બાજુમાં રહેતો હોઇ અવાજ આવેલો ત્યારબાદ હુ ત્યાંગયેલો અને મને સંજયસિંહે ધકકો મારેલો આરોપીને હુ ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે. પોલીસે મારૂ નિવેદન તા.૨૭/૦૩/૨૦૧૬ ના રોજ લીધેલું.

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે**,** કહેવાતા બનાવની ફરીયાદ પન્નાબેને આપી તે સમયે હુ તેઓની સાથે ન હતો. પન્નાબેન અમારા ભત્રીજા વહુ થાય છે. તા.૨૭/૦૩/૨૦૧૬ના રોજ મે પોલીસને જે નિવેદન આપેલુ તે કલ્પેશસિંહ તખતસિંહના ઘરે આપેલું. આ નિવેદન મે કલ્પેશસિહના ઘરે આપેલ તે સમયે મારા ભાઇ તખતસિંહ બેચરસિંહ ચૌહાણ, પન્નાબેન, કલ્પેશસિંહ, ગંગાબેન તખતસિંહ વિગેરે ત્યાં હાજર હતા. મે જયારે નિવેદન આપેલુ તે સમયે તખતસિંહ બેચરસિંહ ચૌહાણ, પન્નાબેન, કલ્પેશસિંહ, ગંગાબેન તખતસિંહ વિગેરેનાઓએ પણ તેમના નિવેદન આપેલા. મે અને તખતસિંહ બેચરસિંહ ચૌહાણ, પન્નાબેન, કલ્પેશસિંહ, ગંગાબેન તખતસિંહ વિગેરેનાઓએ કલ્પેશસિંહના ઘર વગર બીજે કયાંય નિવેદન લખાવેલા નથી. હુ

જન્મથી જ મોટા પોયડા મુકામે રહુ છું. આરોપીના પત્નિ તુલસીબેન જલુંદ્રા ગામના રહેવાસી છે. પન્નાબેન પણ જલુંદ્રા ગામના રહેવાસી છે. આરોપી સંજયસિંહના મોટા ભાઇ રાકેશસિંહ છે. એ વાતની મને ખબર નથી કે રાકેશસિંહની પત્નિ કાંતાબેન છે કે કેમ? એ વાતની મને ખબર નથી કે કાંતાબેન દવા પી ગયેલા કે કેમ? પોયડા ગામે પન્નાબેનનું જયાં મકાન આવેલ છે તેની આજુબાજુ બીજા મકાનો આવેલા છે અને તે મકાનોમાં જે તે તેમના પરીવાર સાથે રહે છે. પન્નાબેનના ઘરના નજીક સ્કુલ આવેલી છે. પન્નાબેનના ઘરની સામે નદી તરફ આવવા જવા માટે ગામનો રસ્તો આવેલો છે. આ રસ્તેથી નદી તરફ ઘણા બધા લોકો આવ-જા કરતા હોય છે. કહેવાતા બનાવના દિવસે ગામમાં વ્યાખ્યાન હતુ જેથી આ રસ્તા પરથી લોકોની સતત અવર જવર હતી. કહેવાતા બનાવના દિવસે મને કોઇ બોલાવવા આવેલ હોય તેવુ બનેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બુમાબુમ થયેલી. કલ્પેશસિંહના ઘરે પોલીસે લીધેલ મારા નિવેદનમાં મે બુમાબુમ થયેલાની હકીકત જણાવેલ નથી. હુ પન્નાબેનના ઘરે ગયો ત્યારે ઘર ખુલ્લુ હતું. કહેવાતા બનાવ સમયે રાત્રીનો સમય હોવાથી ખુબ જ અંધારૂ હતું. મે કલ્પેશસિંહના ઘરે મારૂ જે નિવેદન પોલીસને આપેલ તે પોલીસે પેનથી લખેલુ અને પોલીસે તેમાં મારી સહી લીધેલી. કહેવાતા બનાવ સમયે પન્નાબેનના ઘરે હાજર ન હતો. કહેવાતો બનાવ મે જાતે નજરો નજર જોયેલ નથી. કહેવાતો બનાવ મે નજરો નજર જોયેલ ન હોય આ બનાવની મને કોઇ અંગત જાતમાહિતી નથી.

(૧૨) ફરીયાદપક્ષ તરફે આંક–૮૭ થી સાહેદ ડો. જગદીશચંદ્ર કમલેશકુમાર પ્રણામીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૬/૦૩/૨૦૧૬ ના રોજ હુ સી.એચ.સી., પ્રાંતિજ ખાતે મારી ફરજ પર હાજર હતો ત્યારે સાંજે ૦૭/૧૫ કલાકે દર્દી નામે પન્નાબેન

વા.ઓ કલ્પેશસિંહ ચૌહાણ, ઉ.વ.૨૧, રહે.પોયડાનાઓને પોલીસ યાદી સાથે આવેલા અને તેઓની મે સારવાર કરેલી તેઓને બનાવ અંગેની હકીકત પુછતા જણાવેલ કે, **તા.૨૫/૦૩/૨૦૧૬ ના રોજ રાત્રે ૧૦/૦ કલાકે તેઓના ઘરે સંજયસિંહ દશરથસિંહ ચૌહાણનાઓએ થપ્પડો મારી ઈજા પહોંચાડેલી અને જબરદસ્તી કર્યાની હીસ્ટ્રી જણાવેલી.** તેઓને શરીરે દુઃખાવાની ફરીયાદ હતી તેણીના નાડીના ધબકારા અને લોહીનું દબાણ સામાન્ય હતુ અને તપાસતા બાહ્ય કોઈ ઈજાઓ જણાયેલી નહી. આજરોજ મને એમ.એલ.સી.નં.૨૪૬/૨૦૧૬, તા.૨૬/૦૩/૨૦૧૬ ના રોજનું સારવાર સર્ટી. બતાવવામાં આવે છે તે જોઇ કહુ છુ કે જેમાં સીકકો તથા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને પુરાવામાં વંચાણે લેવા રજુ દાખલ આંક-૮૮ આપવામાં આવે છે.

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મારી પાસે આવેલ દર્દીના કોઇ ઓળખના દસ્તાવેજ કે કોઇ આઇડેન્ટિફીકેશન માર્ક મારી સમક્ષ રજુ કરેલા નહી. આ દર્દી જે તારીખે મારી પાસે સારવાર માટે આવેલા ત્યારે તેમના પતિ અને તેમના સંબંધીઓ તેમની સાથે આવેલા. મેડીકોલીગલ કેસ જયારે બને ત્યારે પોલીસ સ્ટેશન તરફથી સૌપ્રથમ તેની માહિતી ડોકટરશ્રીને આપવામાં આવતી હોય છે. દર્દી સાથે ઝપાઝપી અને મારામારી થયેલાની કોઇ જાણ પોલીસ સ્ટેશન તરફથી મને મળેલી નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દર્દી પોલીસ યાદી સાથે આવેલા. કોઇપણ વ્યકિતને થપ્પડ દ્વારા ઈજા પહોંચાડવામાં આવે તો જે તે જગ્યાએ લાલાશ આવી જાય. કોઇ વ્યકિતને થપ્પડ દ્વારા ઈજા પહોંચાડવામાં આવે તો તે જગ્યાએ હાથના આંગળાઓના નિશાન જોવા મળે. દર્દી પન્નાબેનને મે જયારે તપાસેલા ત્યારે આવા કોઇ લાલાશના કે આંગળાઓના નિશાન જોવા મળેલા નહી. કહેવાતા દર્દીએ શરીરના કયા ભાગ પર થપ્પડો મારવામાં આવેલ તેવી કોઇ

હિસ્ટ્રી જણાવેલ નહી. કહેવાતા દર્દીએ કઇ જગ્યાએ, કેવી રીતે અને શરીરના કયા ભાગે ઝપાઝપી કરેલી તેવી કોઇ હિસ્ટ્રી જણાવેલ નહી. દર્દીની દુઃખાવાની ફરીયાદ કાલ્પનિક પણ હોઇ શકે. મે પોલીસને આંક-૮૮ વાળુ સર્ટી. આપેલુ તે સિવાય બીજા કોઇ દસ્તાવેજી કાગળો પોલીસને આપેલા નહી.પોલીસ યાદી જે મને આપવામાં આવેલી તે પોલીસ દ્વારા આપવામાં આવેલી નહી. આંક-૮૮ વાળુ સર્ટી. મે પોલીસને કઇ તારીખે આપેલ અને પોલીસે કઇ તારીખે મેળવેલ તેવી કોઇ હકીકત સર્ટી.માં લખેલ નથી. આંક-૮૮ વાળા સટી.માં જબરદસ્તીની જે હકીકત જણાવેલ છે તે કઇ જગ્યાએ, કેવી રીતે અને કયા કરેલી તે હકીકત જણાવેલ નથી. સામુહીક આરોગ્ય કેન્દ્રમાં આવક જાવક રજીસ્ટર નિભાવવામાં આવે છે. આંક-૮૮ વાળા સર્ટી.માં સામુહીક આરોગ્ય કેન્દ્ર, પ્રાંતિજનો કોઇ જાવક નંબર નથી. આંક-૮૮ વાળા કહેવાતા દર્દી તા.૨૫/૦૩/૨૦૧૬ ના રોજ તા.૨૬/૦૩/૨૦૧૬ ના રોજ રાત્રીના ૧૦/૦૦ કલાક પહેલા મારી પાસે આવેલા નહી.

(૧૩) ફરીયાદપક્ષ તરફે આંક–૯૦ થી પંચસાહેદ અભેસંગ ઉમેદસંગને તથા આંક–૯૬ થી પંચ સાહેદ રજુસિંહ ગાભુસિંહ ચૌહાણને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ વિશે તેઓ કંઈ જાણતો નથી આજથી દસ વર્ષ પહેલા તેઓ ગામમાં હાજર હતા ત્યારે પોલીસે ત્યારે તેમને એક તૈયાર લખેલ કાગળમાં સહી કરેલ તે સિવાય તેઓ કંઈ જાણતો નથી તેમા શું લખેલ તે તેઓ જાણતા નથી. તેમને ગુનાવાળી જગ્યાનું તા.૨૬/૦૩/૧૬ રોજનું અસલ પંચનામું બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. જે પંચનામું આ કામે આંક–૯૧ થી રજુ છે.

આ કામે પંચસાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તૈયાર લખેલા પંચનામામા માત્ર સહી કરેલ પંચનામાની કોઈ કાર્યવાહી મારી રૂબરૂ કરવામાં આવેલ નથી.

(૧૪) ફરીયાદપક્ષ તરફે આંક–૯૩ થી પંચસાહેદ હિંમતસિંહ બાદરસિંહ ચૌહાણને તથા આંક–૯૫ થી પંચસાહેદ અરવિંદસિંહ લક્ષ્મણસિંહ ચૌહાણ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી આશરે આઠેક વર્ષ પહેલા હુ મારા ખેતરમાંથી ઘરે આવતો હતો ત્યારે પોલીસે મારી એક તૈયાર લખેલા કાગળમાં સહી કરાવેલી. આજરોજ મને મુદામાલ રીકવરીનું પંચનામુ બતાવવામાં આવે છે તે જોઇ કહુ છુ કે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક-૯૪ આપવામાં આવે છે.

આ કામે પંચસાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અમોએ તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી તે સિવાય પંચનામાની કોઇ હકીકત વિશે અમો જાણતા નથી. પંચનામાની કોઇ કાર્યવાહી અમારી રૂબરૂ કરવામાં આવેલ નથી.

(૧૫) ફરીયાદ પક્ષ તરફે આંક–૯૯ થી સાહેદ આઈ.ઓ પુષ્પેન્દ્રસિંહ વિજેન્દ્રસિંહ ચાવડાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૧૬ માં હુ પ્રાંતિજ પો.સ્ટે.માં હે.કો. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન તા.૨૫/૦૩/૨૦૧૬ ના રોજ પ્રા.તિજ

પો.સ્ટે.માં ફરીયાદી પન્નાબેન કલ્પેશસિંહ ચૌહાણ, રહે.પોયડા, તા. પ્રાંતિજ નાઓએ ઇ.પી.કો. કલમ ૪૫૨, ૩૨૩, ૫૦૪, ૩૫૪ મુજબની ફરીયાદ આપેલી જે ફરીયાદ પી.એસ.ઓ. જસવંતસિંહ જુજારસિંહનાઓએ નોંધી સદર ગુનાની આગળની તપાસના કાગળો અમોને તા.૨૬/૦૩/૨૦૧૬ ના રોજ અમારી તરફ ડેપ્યુટ કરતા તપાસ સંભાળી લઇ તપાસના કામે મે તે જ દિવસે ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોના લખાયા મુજબનું કલાક ૧૭/૩૦ થી ૧૮/૦૦ સુધીનુ કરી લીધેલ તેમજ ફરીયાદીની ફરીયાદ બાદ તા.૨૬/૦૩/૨૦૧૬ ના રોજ સાહેદ કલ્પેશસિંહ ઉર્ફે ગફુરભાઇ તખતસિંહ ચૌહાણ તથા તખતસિંહ બેચરસિંહ તથા ગંગાબેન તખતસિંહ ચૌહાણ તથા જગદીશસિંહ તખતસિંહ ચૌહાણનાઓના નિવેદનો તથા તા.૨૭/૦૩/૨૦૧૬ ના રોજ સાહેદ રણછોડસિંહ બેચરસિંહનાઓનું નિવેદન તથા રાહુલસિંહ રણછોડસિંહ તથા રંજનબેન રાહુલસિંહ તથા જસવંતસિંહ બેચરસિંહનું તેમજ કલ્પેશસિંહ લાલસિંહ ચૌહાણ તથા પરબતસિંહ ઉદેસિંહનાઓના નિવેદનો લીધેલા તેમજ આ કામના ફરીયાદી તા.૦૮/૦૪/૨૦૧૬ ના રોજ પંચો રૂબરૂ બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરતા હોઇ કલાક ૧૬/૦૦ થી ૧૬/૩૦ સુધીનું પંચનામુ પંચોના લખાયા મુજબનું લખી લીધેલ તેમજ તે દિવસે ફરીયાદીનું વિશેષ નિવેદન લીધેલ તેમજ તા. ૧૩/૦૫/૨૦૧૬ પ્રાંતિજ પો.સ્ટે.ના જા.નં. ૧૬૯૩ થી સદર ફરીયાદ ઇ.પી.કો. કલમ ૪૫૨, ૩૫૪, ૩૨૩, ૫૦૪ મુજબના ગુનાની ફ.ગુ.ર.નં.૫૮/૨૦૧૬ થી નોંધાયેલ જેમાં પી.એસ.ઓ.શ્રીએ ઇ.પી.કો.કલમ ૪૫૨, ૩૫૪, ૩૨૩, ૫૦૪ મુજબ રજીસ્ટર કરેલ પરંતુ, ગુનાની વિગત જોતા એફ. આઇ. આર.માં ઇ.પી.કો.કલમ ૪૫૨, ૩૫૪(એ), ૩૨૩, ૫૦૪ મુજબ નો ગુનો બનતો હોઇ સદર ગુનાની એફ.આઇ.આર.માં સુધારો કરવા નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ તેમજ ફરીયાદી સી.એચ.સી., પ્રાંતિજ ખાતે તા.૨૬/૦૩/૨૦૧૬ ના રોજ સારવાર લીધેલ હોઇ જેની સારવાર સર્ટી. મેળવી કામમાં સામેલ રાખેલા તેમજ

આ કામના આરોપીનાઓ નોટીસ આધારે તા.૨૮/૦૩/૨૦૧૬ ના રોજ કલાક ૧૬/૦૦ વાગે પો.સ્ટે. હાજર થતા નામદાર સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન્સ મુજબ કાર્યવાહી કરેલી અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલી. આરોપીને જોયેથી ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે પ્રાંતિજ પો.સ્ટે.માં બે વર્ષ સુધી સર્વિસ કરેલી. મે મજરા બીટમાં સવા વર્ષ સુધી સર્વિસ કરેલી. મોટા પોયડા અને નાના પોયડા ગામની ભૌગોલિક પરિસ્થિતિથી હુ વાકેફ છું. નાના પોયડા અને મોટા પાયડા અલગ અલગ ગામ છે. અંતર અંદાજે બે થી ત્રણ કીલોમીટરનું હશે. મે ફરીયાદનો અભ્યાસ કરેલો. ફરીયાદી એ ફરીયાદમાં વિલંબ કરેલ તે સંદર્ભેનો ખુલાસો આજદીન સુધી કરેલ નથી. એફ. આઇ.આર.ની કોપી ૨૪ કલાકમાં મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરવાની હોય છે. એફ. આઇ.આર.માં કોલમ નં.૧૫ માં જણાવ્યા મુજબ સબંધકર્તા નામદાર કોર્ટને મોકલ્યા તા.૨૬/૦૩/૨૦૧૬ કલાક ૧૫/૪૫ નો છે. એફ.આઇ.આર. પૂર્ણ થયા બાદ તેમાં જણાવ્યા મુજબ જયુ.મેજી.ફ.ક. સાહેબ પ્રાંતિજ તરફ તા.૨૬/૦૩/૨૦૧૬ ના રોજ મોકલી આપેલ. મને કહેવાતા ગુનાની ફરીયાદ તા.૨૬/૦૩/૨૦૧૬ ના રોજ મળેલી. એ વિશે હુ હાલ કહી શકુ નહી કે આ ગુનાની તપાસની સાથે અન્ય તપાસ પણ હુ સંભાળતો હતો. તા.૨૬/૦૩/૨૦૧૬ ના રોજ મારી પાસે માત્ર આ કહેવાતા ગુનાની તપાસ ન હતી પરંતુ અન્ય ગુનાની તપાસ પણ હતી. પોલીસ સ્ટેશનમાં કોઇપણ ગુનાની ફરીયાદ ફરીયાદી દ્વારા જાહેર થાય તેવા કિસ્સામાં ફરીયાદની સંપૂર્ણ કાર્યવાહી પૂર્ણ થવામાં આશરે બે થી અઢી કલાક જેટલો સમય જાય છે. ફરીયાદીનું કહેવાતુ વિશેષ નિવેદન જે તારીખે લીધેલાનું જણાવુ છુ એ તારીખમાં ચેકચાક થયેલ છે ત્યાં કોઇ ટુંકી સહી કરેલ નથી. કોઇપણ ગુનાના કામે ફરીયાદી કે સાહેદનું નિવેદન

કે વિશેષ નિવેદન લેવામાં આવે તેવા કિસ્સામાં તેઓની કોઇ સહી લેવામાં આવતી નથી. કહેવાતી ગુનાવાળી જગ્યાની આસપાસ અન્ય રહેણાંક મકાનો, શાળા, દુધની ડેરી, જાહેર રોડ, એસ.ટી.સ્ટેન્ડ વિગેરે આવેલા છે. કહેવાતા બનાવમાં મારી સમગ્ર તપાસ દરમ્યાન સ્વતંત્ર સાહેદોના નિવેદન કે કોઇ પુરાવો મળી આવેલ નથી. કહેવાતા બનાવમાં મારી સમગ્ર તપાસ દરમ્યાન ફરીયાદમાં જણાવેલ આક્ષેપિત મકાન કોની માલીકીનું છે તે અંગેનો કોઇ પુરાવો મળી આવેલ નથી. ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ મકાન પાસે જે જાહેર રોડ આવેલ છે ત્યાંથી અવર જવર કરતા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન કે કોઇ પુરાવો મારી તપાસમાં મળી આવેલ નથી. પરબતસિંહ ઉમેદસિંહ ચૌહાણના ઘરે કહેવાતા બનાવ સમયે ભજન રાખેલ હોઇ તે અંગેનો કોઇ પુરાવો મારી તપાસમાં મળી આવેલ નથી. ફરીયાદીએ ફરીયાદમાં કહેવાતુ જે મકાન દર્શાવેલ છે તે બે દરવાજાનું મકાન હતું. કહેવાતા ગુનાના કામે ગુનાવાળી જગાનું જે પંચનામુ છે તેમાં તથા કહેવાતા કપડા રજુ કરતાનું. જે પંચનામુ છે ત્યાં જે ચેકચાક છે ત્યાં કોઇ ટુંકી સહી કરવામાં આવેલ નથી. કહેવાતા ગુનાની તપાસ દરમ્યાન લેવામાં આવેલ નિવેદનો મારા જણાવ્યા મુજબ દિન-૦૨ માં પૂર્ણ કરેલ છે. મે કહેવાતા ગુનાની તપાસ શરૂ કરી અને તા.૨૬/૦૩/૨૦૧૬ ના રોજ તપાસ પુર્ણ કરી તા.૧૭/૦૫/૨૦૧૬ ના રોજ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કર્યુ તે સમય દરમ્યાન કહેવાતા ગુનાના કામે કોઇ સ્વતંત્ર પુરાવો મારી સમગ્ર તપાસ દરમ્યાન મળી આવેલ નથી. ફરીયાદીએ પોતાની ફરીયાદમાં, “રાત્રીના આશરે દશ સવા દશ વાગેના સુમારે અમારા ઘરની પાછળના ભાગે દરવાજો ન હોઇ તે ભાગ ખુલ્લો હતો તેમાંથી સંજયસિંહ દશરથસિંહ ચૌહાણ મારા ઘરમાં આવેલો“ તેવી હકીકત ફરીયાદીએ પોતાની ફરીયાદમાં લખાવેલ નથી. ફરીયાદીએ પોતાની ફરીયાદમાં “મારા કાકાજીએ મારા સાસુ સસરાને તથા મારા પતિને બોલાવેલા અને આ સંજયસિંહને પણ ત્યાં બોલાવેલા અને તેમને મારા

સાસુ-સસરા અને બધાએ તેવુ કહેલ કે, આવી હરકત શુ કરવા કરે છે? જેથી આ સંજયસિંહે કહેલ કે, મે કાંઇ કરેલ નથી આ વખતે સંજયસિંહના કાકા અરવિંદસિંહ ત્યાં આવેલા અને તેઓ અમને ગાળો બોલવા લાગેલા" તેવી હકીકત ફરીયાદીએ પોતાની ફરીયાદમાં લખાવેલ નથી. કહેવાતા ગુનાના કામે આરોપીના કાકા અરવિંદસિંહ અમરસિંહ ચૌહાણનું કોઇ નિવેદન મે લીધેલ નથી. રણછોડસિંહ બેચરસિંહ ચૌહાણનું નિવેદન મે તેઓના ઘરે જઇ લીધેલું. તે સમયે તેમના ઘરે તેઓ એકલા હતા કે કેમ? તે યાદ નથી. રણછોડસિંહ બેચરસિંહ ચૌહાણનું નિવેદન તેમના ઘર સિવાય અન્ય કોઇ જગ્યાએ લીધેલુ નથી. ફરીયાદીના કહેવાતા કપડા અંગે મારી તપાસ દરમ્યાન તે કપડા તેમની માલીકીના હતા તેવો કોઇ પુરાવો મળી આવેલો નહી. આંક-૮૮ વાળુ મેડીકલ સર્ટી. મે તપાસના કામે કઇ તારીખે મેળવેલ તેની કોઇ નોંધ આ સર્ટી.માં મારા દ્વારા કરવામાં આવેલ નથી. કલ્પેશસિંહ ઉર્ફે ગફુરભાઇ તખતસિંહ ચૌહાણ નામવાળી વ્યકિત કલ્પેશસિંહ ઉર્ફે ગફુરભાઇ તરીકે ઓળખાય છે તે અંગેનું કોઇ નિવેદન કે પુરાવો મારી તપાસમાં મળી આવેલ નથી. ફરીયાદી કહેવાતા બનાવની તારીખ ૨૫/૦૩/૨૦૧૬ ના રોજ સારવાર માટે દવાખાને ગયેલ હોય તેઓ પોલીસ યાદી વગર ગયેલા.

**Looking to the legal provision :**

**<u>Section:452 of IPC: House tresspass after preparation for hurt,assault or wrongful restraint:</u>**

whoever commits house tresspass, having made preparation for causing hurt to any person or for assaulting any person or for wrongfully restraining any person or for putting any person in fear of hurt or of assault or of wrongful restraint

shall be punished with the imprisonment of either description for a term which may extend to seven years and shall also be liable to fine

**<u>Section 323 IPC : Hurt</u>**

whoever causes bodily pain disease or infirmity to any person is said to cause hurt.

**<u>Section 354-A of IPC: sexual harassment and punishment for sexual harassment</u>:**

1. A Man committing any of the following acts:

a. Physical contact and advances involving unwelcome and explicit sexual overtures;

b. A demand or request for sexual favours;

c. showing pornography against the will of a woman or;

d. Making sexually coloured remarks.

2.Any man who commits the offence specified in clause (I) or clause (ii) clause(iii) of sub section (1) shall be punished with rigorous imprisonment for a term which may extend to 3 years or with fine or with both.

(3) Any man who commits the offence specified in clause (iv) of sub section (1) shall be punished with imprisonment

of either description for a term which may extend to 1 year or with fine or with both

(૧૬) સરકારી વકીલશ્રીની દલીલો તેમજ આરોપીના વિ.વકીલશ્રીને દલીલો ધ્યાને લીધી. આમ રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા સદર કેસમાં આંક-૪૩ થી ફરીયાદીને તપાસેલ છે. ફરીયાદીએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે મારુ પિયર નાના જલુન્દ્રા ગામે છે. મારા લગ્ન પોયડા ગામે કલ્પેશસિંહ સાથે આશરે ત્રણ વર્ષ અગાઉ થયેલા બનાવ તા.૨૫/૩/૧૬ ના રોજ બનેલ. હું તથા મારી દિકરી દિવ્યા બંને અમાર ઘરમાં સુતા હતા ત્યારે રાત્રીના આશરે દસેક વાગ્યાના સુમારે અમારા ઘરના પાછળના ભાગે દરવાજો ન હોય એકભાગ ખુલ્લો હતો તેમાંથી સંજયસિંહ દશરથસિંહ ચૌહાણ આવેલા અને મને પકડી લીધેલી. આ સંજયસિંહે મને પકડી લીધેલી. આ સંજયસિંહે મારી સાથે જબરજસ્તી કરવા લાગેલા અને તેને મારુ બ્લાઉઝ ખેંચી લીધેલ. જેથી મે બુમાબુમ કરેલ જયારે ઉલટતપાસમાં કોઈ ફળદાયી હકીકત પ્રાપ્ત થયેલ નથી. આંક-૯૭ થી સાહેદ કલ્પેશસિંહ લાલસિંહ ચૌહાણ ને તપાસવામાં આવેલ છે. સદરહું સાહેદ બનાવ વિશે કાંઈ જાણતા ન હોય ફરીયાદ પક્ષ તરફે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આંક-૬૯ થી સાહેદ ગંગાબેન તખતસિંહ ચૌહાણને તપાસવામાં આવેલ સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે સદર બનાવ સાત વર્ષ અગાઉ બનેલ. બનાવ સમયે અમારા ગામમાં પરબતસિંહ ઉમેદસિંહને ત્યાં બબલુબેન મરણ ગયેલ હોય તેમના ઘરે ભજન રાખેલ હોય હું તથા મારા પતિ તેમના ઘરે ગયેલા. બનાવ દસ વાગ્યા પછી બનેલ બનાવ સમયે મારા દિકરાની વહુ પન્નાબેન એકલા હતા અને ઘરના સભ્યો રામાપીર નું આખ્યાન ચાલતુ હોય ત્યાં ગયેલા હતા તે સમયે અમાર ઘરના પાછલા બારણેથી સંજયસિંહ દશરથસિંહ ચૌહાણ

આવેલા અને માર દિકરાની વહુ ઘરમાં એકલી હતી ત્યારે તેનો બ્લાઉઝ અને સાડી ફાડી નાખી અને તે સમય દરમ્યાન સંજયસિંહે થપ્પડો મારેલી અને મારા દિયર આવતા તે ભાગી ગયેલા તદઉપરાત આરોપીને ઓળખી બતાવે છે. જયારે ઉલટતપાસમાં વિરોધાભાસી હકીકત પ્રાપ્ત થયેલ નથી. આંક–૮૩ થી રણછોડસિંહ બહેચરસિંહ ચૌહાણને તપાસવામાં આવે છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે સદરહું બનાવ તા.૨૫/૩/૧૬ ના રોજ બનેલો. બનાવ સમયે હું મારા ઘરે હતી બનાવ રાત્રે દસ વાગે બનેલો હતો . બનાવ કલ્પેશસિંહ તખતસિંહના ઘરે બનેલ. બનાવમાં કલ્પેશસિંહની પત્ની પન્ના બેન સાથે બળજબરી થયેલ અને આ બળજબરી સંજયસિંહ દશરથસિંહ ચૌહાણે કરેલી આ બળજબરીમાં પન્નાબેનનું મોઢુ દબાવેલ અને બ્લાઉઝ ફાડી નાંખેલ અને પન્નાબેન ને થપ્પડ મારેલી. હું બાજુમાં રહેતો હોય અવાજ આવેલો ત્યાર બાદ હું ત્યાં ગયેલો અને મને સંજયસિંહે ધકકો મારેલો આરોપીને હું ઓળખુ છુ. જયારે ઉલટતપાસમાં સદરહું બનાવ નજરો નજર ન જોયલ હોય તેવું જણાવેલ છે. આંક–૮૭ થી ડોકટર જગદીશચંદ્ર કમલેશકુમારને તપાસવામાં આવેલ છે. સદરહું ડોકટર તેમની સરતપાસમાં જણાવે છે તા.૨૫/૩/૨૦૧૬ ના રોજ દસ કલાકે તેમના ઘરે સંજયસિંહ દશરથસિંહ ચૌહાણએ જબરજસ્તી કર્યાનું તેમજ ઈજા પહોચાડવાની હીસ્ટ્રી જણાવે છે. આમ ફરીયાદીની ફરીયાદ અને સોગંદ ઉપરની જુબાની તદઉપરાંત અન્ય સાહેદોથી ફરીયાદીની જુબાનીમાં સમર્થન મળે છે આમ આરોપી દવારા આક્ષેપિત ગુન્હો કરેલ છે. આ કામના આરોપી દવારા ફરીયાદીની એકલતાનો લાભ લઈ ગેરકાયદે અવરોધ કરવાની તૈયારી કર્યા પછી ગૃહ અપ પ્રવેશ કરી તેઓની છેડતી કરેલાનું પ્રાયમાફેશી જણાઈ આવે છે. વધુમાં આ કામના ફરીયાદીને ગાળો બોલતા હોય અપ શબ્દ બોલેલ હોય કે મારઝુડ કરેલ

હોય તે શબ્દશઃ આ કામના ફરીયાદી દવારા રજુ કરવમાં આવેલ નથી. તેમજ આ કામના આરોપી વિરુધ્ધ આઈ.પી.સી.ની કલમ–૪૫૨,૩૫૪એ ના આવશ્યક તત્વો પુરવાર કરતા હોય આરોપીને ઈ.પી.કો. કલમ–૪૫૨, ૩૫૪એ ના ગુના માં તકસીરવાન ઠરાવવામાં આવે છે. જયારે અન્ય ગુનામાં શંકાનો લાભ આપી ને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૭) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો નજર સમક્ષ રાખતાં આ કામના આરોપી એ ફરીયાદીને માર મારેલ હોય કે ગાળો બોલેલ કે અપશબ્દો બોલેલ હોય, તેવા કોઈ આક્ષેપો નિઃશંકપણે સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોઈ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૫૦૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી ન હોઈ, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ ''**અંશતઃહકારમાં**'' આપીને મુદ્દા નં.૨ અંગે નીચે મજબનો આખરી હુકમ ફરમાવું છું.

## :: હુ ક મ ::

**(૧)** આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ઈ.પી.કો. કલમ–૪૫૨, ૩૫૪એ મુજબના ગુન્હાના કામે દોષિત ઠરાવીને આરોપીને છ માસની સજા અને રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૩૨૩,૫૦૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩)ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૩/૦૬/૨૦૨૬ **(આઈ.એમ.શેખ)**
મુ.પ્રાંતિજ. એડી. ચીફ જ્યુડી. મેજી.,પ્રાંતિજ.
//S.C.P.// (જજ કોડ નં.જીજે૦૧૪૮૫)